# સૌ રા ષ્ટ્ર યુ નિ વ ર્સિ ટી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિન્ડિકેટનીસપ્ટેમ્બર માસની  સામાન્ય સભા ગુરૂવાર તા.૯–૯–'૯૯  ના રોજ બપોરના ૧–૦૦ કલાકે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળી હતી, જેમા સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યશ્રીન નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડો. કે.જી.માવાણી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડો.નરેશભાઈ વેદ, કુલનાયકશ્રી | હાજર |
| ૩. | શ્રી એસ.બી.ધોબી<br>ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ | ગેરહાજર |
| ૬. | પ્રિ.એન.એન.શેઠ | હાજર |
| ૭. | પ્રિ.ડી.એચ.પટેલ | હાજર |
| ૮. | શ્રી જે.એમ.પનારા | હાજર |
| ૯. | ડો. કે.કે.ખખ્ખર | હાજર |
| ૧૦. | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા | હાજર |
| ૧૧. | ડો. ભાવિન એસ.કોઠારી | હાજર |
| ૧૨. | ડો. નટુભાઈ ચૌહાણ | હાજર |
| ૧૩. | શ્રી નિદત્ત પી.બારોટ | હાજર |
| ૧૪. | ડો. જયદિપસિહ ડોડીયા | હાજર |
| ૧૫. | શ્રી જીતુભાઈ ભટ્ટ | હાજર |
| ૧૬. | શ્રી મહેશભાઈ ચૌહાણ | હાજર |
| ૧૭. | શ્રી રૂપસિહભાઈ સોલકી | હાજર |
| ૧૮. | શ્રી અરૂણભાઈ જે.શુકલ | હાજર |
| ૧૯. | પ્રિ. ડી.જી.મોદી | હાજર |
| ૨૦. | શ્રી શભુભાઈ એલ.વકાણી | હાજર |

સભાનુ કામકાજ શરૂ કરતા પહેલા કુલનાયકશ્રી નરેશભાઈ વેદના માતુશ્રી પ્રભાવતી બહેનનુ દુ:ખદ અવસાન નિમિત્તે મૌન પાળી ઈશ્વર સ્મરણ કરી શ્રધ્ધાજલિ આપવામા આવી હતી.

નવનિયુકત કુલપતિશ્રીએ સિન્ડિકેટને સબોધી હતી અને સિન્ડિકેટ અને યુનિવર્સિટી વતી વરિષ્ટ સિન્ડિકેટ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ કુલપતિશ્રીને આવકાર્યા હતા.

૧. સિન્ડિકેટની તા. ૨૯–૭–'૯૯ ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહી નોધ મજૂર કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે સિન્ડિકેટની તા.૨૯–૯–'૯૯ ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહી નોધ મજૂર કરવી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે સિન્ડિકેટમા થયેલ ઠરાવોના અનુસધાને થયેલ કાર્યવાહીની સિન્ડિકેટને જાણ થાય તે માટે જે કાર્યવાહી કરવામા આવી હોય તેની નોધ સિન્ડિકેટ સમક્ષ મૂકવી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે નાયબ કુલસચિવની સુપરન્યુમરી જગ્યા તા.૧૦–૧૦–'૯૯ સુધી ઉભી કરવાના કાર્યને બહાલી આપતા તા. ૨૬–૬–'૯૯ ના ઠરાવ –૬૯ મા તા. ૧૦–૧૦–'૯૯ ને બદલે " જયા સુધી નાયબ કુલસચિવ (લીગલ)ની જગ્યા ભરવામા આવે ત્યા સુધી" તે રીતે સુધારવો.

૨. શિક્ષણશાસ્ત્ર ભવનમા રીડર તરીકે ફરજ બજાવતા ડૉ. એન.એસ.દોગાની તા. ૨૨–૭–'૯૯ થી તા. ૨૧–૧૧–'૯૯ સુધી ની ચાર માસની સબેટીકલ લીવ મજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે શિક્ષણશાસ્ત્ર ભવનમા રીડર તરીકે ફરજ બજાવતા ડૉ.એન.એસ.દોગાની તા.૨૨–૭–'૯૯ થી તા.૨૧–૧૧–'૯૯ સુધીની ચાર માસની સબેટીકલ લીવ મજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૩. કુલનાયકશ્રીને યુનિવર્સિટી કાર્યાલયમા આવવા જવા સ્થાનિક કોલેજો કે જાહેર સસ્થાઓમા જવા – આવવા માટે યુનિવર્સિટીની કાર વાપરવા માટે મજૂરી આપવા અગે વિચારણા કરવા બાબત.

**નોધ :–**

(૧) સિન્ડિકેટની તા.૨૩–૩–'૯૬ ની સભામા ઠરાવ ન. ૧૪ થી ભૂતપૂર્વ કુલનાયકશ્રી માટે નીચે મુજબ ઠરાવ થયેલ છે.

" આથી ઠરાવવામા આવે છે કે કુલનાયકશ્રીને સરકારશ્રીના જાહેરનામાની જોગવાઈ અનુસાર ફર્નીચર રહેઠાણ ભાડા મુકત મકાન આપવાનુ રહે છે. પરતુ યુનિવર્સિટી કેમ્પસ પર તેમને રહેઠાણની સુવિધા આપી શકાય તેમ ન હોવાથી તેઓશ્રીને તેમના હાલના રહેણાકના મકાનથી યુનિવર્સિટી કાર્યાલય આવવા – જવા તથા રાજકોટની સ્થાનિક કોલેજો, જાહેર સસ્થામા ફરજના ભાગરૂપે જવાનુ થાય ત્યારે યુનિવર્સિટીની ઓફિસ કારની સુવિધાઓ આપવામા આવે છે તે સુવિધા પાછળ થતા ખર્ચને ધ્યાનમા લઈ માસિક રૂા.

૩૦૦૦/– પેટ્રોલ ખર્ચ તરીકે રીએમ્બર્સ કરવાની અને પોતાની કારમા મુસાફરી કરવાની કુલનાયકશ્રીને મજૂરી આપવી.
આથી વધુમા ઠરાવવામા આવે છે કે સરકારશ્રીની મજૂરી માટે ઉપરોક્ત દરખાસ્ત મોકલવી, દરમ્યાન મજૂરીની અપેક્ષાએ તેનો અમલ કરવો."

(૨) સિન્ડિકેટની તા.૨/૨૦–૭–'૯૬ ની સભામા ઠરાવ ન. ૨ થી નીચે મુજબનો સુધારો કરવામા આવેલ છે.

આથી ઠરાવવામા આવે છે કે સિન્ડિકેટની તા.૨૩–૩–'૯૬ ની સભાના ઠરાવ ન. ૧૪ મા નીચે મુજબનો સુધારો કરવો.

માસિક રૂા.૩૦૦૦/– પેટ્રોલ ખર્ચ તરીકે કરવાની અને પોતાની કારમા મુસાફરી કરવાની કુલનાયકશ્રીને મજૂરી આપવી તેને બદલે માસિક રૂા.૩૦૦૦/– પેટોલ ખર્ચ રીએમ્બર્સ કરવા માટે કન્વેયન્સ એલાઉન્સ તરીકે આપવાની અને પોતાની કારમા મુસાફરી કરવાની કુલનાયકશ્રીને મજૂરી આપવી."

(૩) હાલના કુલનાયકશ્રી તથા ભવિષ્યમા કુલનાયકશ્રીના પદ પર આવનાર કુલનાયકશ્રી માટે પણ આ બાબતે જે ઠરાવ થાય તે લાગુ પાડવો.

(૪) કુલનાયકશ્રીને સવારે ૮–૦૦ થી રાત્રીના ૧૦–૦૦ સુધી યુનિવર્સિટી કારનો ઉપયોગ કરવા અગે વિચારવાનુ રહે છે.

આથી ઠરાવવામા આવે છે કે જયા સુધી કુલનાયકશ્રી માટે યુનિવર્સિટી કેમ્પસમા રહેઠાણની સુવિધા આપી ન શકાય ત્યા સુધી સિન્ડિકેટની તા.૨૩–૩–'૯૬ ની સભાના સુધારા સહિતના ઠરાવ ક્રમાક : ૧૪ મુજબ કુલનાયકશ્રી માટે વ્યવસ્થા રાખવી.

૪. ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાક : વીએલબી/ ૧૧૯૮/ ૩૪૨ (૯૯)– સીએચ, તા. ૨૧–૬–'૯૯ ના ઠરાવથી તા. ૧–૧–'૯૯ થી મોઘવારી ભથ્થાના દરમા વધારો કરેલ છે તે સરકારી ઠરાવ મુજબ મોઘવારી ભથ્થાની રકમ કર્મચારીઓને ચુકવવાનો અમલ કર્યા અગેની જાણ થવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાક : વીએલબી/૧૧૯૮/૩૪૨ (૯૯) –સીએચ, તા.૨૧–૬–'૯૯ ના ઠરાવથી તા. ૧–૧–'૯૯ થી મોઘવારી ભથ્થાના દરમા વધારો કરેલ છે તે સરકારો ઠરાવ મુજબ મોઘવારી ભથ્થાની રકમ કર્મચારીઓને ચૂકવવાનો અમલ કર્યા અગેની બાબત ધ્યાન પર મૂકવામા આવતા તેની જાણ થઈ.

૫. યુનિવર્સિટી ભવનો / કેન્દ્રો તથા સલગ્ન કોલેજોમા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોમા અનુસ્નાતક નિયમ ૧૫ (૫) મુજબ સ્કોલરશીપ તથા નિયમ ૧૬ (૩) પ્રમાણે ફ્રીશીપ આપવાની જોગવાઈ છે તેમા ફેરફાર કરવા અગે.

**બી.યુ.ટી.ની તા. ૨૮–૭–'૯૮ ની સભાના કામકાજ ક્રમાક : ૧૪ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે.**

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામા આવે છે કે યુનિવર્સિટી ભવનો/ કેન્દ્રો તથા સલગ્ન કોલેજોમા ચાલતા અનુસ્નાતક કેન્દ્રો માટે અનુસ્નાતક નિયમ ૧૫ (૫)મુજબ સ્કોલરશીપ તથા નિયમ ૧૬ (૩) પ્રમાણે ફ્રીશીપ આપવા અગે જે જોગવાઈ છે તેમા નીચે પ્રમાણે સુધારો કરવો.

સિન્ડિકેટની તા. ૨૧–૫–'૯૪ ની સભાના ઠરાવ ન. ૪૮ થી ફ્રીશીપ માટે ડીગ્રી કક્ષાની પરીક્ષા પ્રથમ વર્ગ સાથે પસાર કરેલ હોવી જોઈએ તેમ નકિક કરવામા આવેલ છે તેને બદલે ૫૫ % થી ૬૦ % ગુણ મેળવેલ હોવા જોઈએ તેમ ગણવુ.

એ જ રીતે અનુસ્નાતક નિયમ – ૧૫ (૫) પ્રમાણે વિદ્યાર્થી ૫૦% થી વધુ ગુણ મેળવે તો સ્કોલરશીપ મેળવવા પાત્ર બને છે તેની જગ્યાએ ૬૦ % થી વધુ મેળવે તો સ્કોલરશીપ મેળવવાને પાત્ર બને છે તેમ ગણવુ.

**તા. ૨૮–૧–'૯૯ ની એકડેમિક કાઉન્સિલની મિટીગમા બાબત ન. ૯ થી નીચેની વિગતે ઠરાવ થયેલ છે.**

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે તા.૨૭–૭–'૯૮ ની બી.યુ.ટી.ની ઉપર્યુકત ભલામણ મજૂર કરવી."

આથી ઠરાવવામા આવે છે કે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮–૧–'૯૯ ની સભાના ઠરાવ ક્રમાક : ૯ થી થયેલ ભલામણ મજૂર કરવી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે આ ભલામણોનો અમલ ૧૯૯૯ – ૨૦૦૦ ના શૈક્ષણિક વર્ષથી કરવો.

૬. આ યુનિવર્સિટીની વિનયન, વાણિજય, તબીબી, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાના જુદા જુદા વિષયોમા પી.એચડી. પદવીમા રજીસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓના મહાનિબધો રેફરીઓએ કરેલ ભલામણ અનુસાર પીએચ.ડી. પદવી માટે સ્વીકારી તે પ્રમાણે પરિણામ બહાર પાડી તેઓને પી.એચડી. પદવી મેળવવા માટે યોગ્ય જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની જાણ થવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે આ યુનિવર્સિટીની વિનયન, વાણિજય, તબીબી, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાના જુદા જુદા વિષયોમા પીએચ.ડી.પદવીમા રજીસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓના મહાનિબધો રેફરીઓએ કરેલ ભલામણ અનુસાર પીએચ.ડી.પદવી માટે સ્વીકારી તે પ્રમાણે પરિણામ બહાર પાડી તેઓને પીએચ.ડી.પદવી મેળવવા માટે યોગ્ય જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની બાબત ધ્યાન પર મૂકવામા આવતા તેની જાણ થઈ.

૭. તા. ૧૫–૭–'૯૯ ના રોજ મળેલ એસ્ટેટ કમિટિની સભાની મીનીટસ મજૂર કરવા અગે.

આથી ઠરાવવામા આવે છે કે એસ્ટેટ કમિટિની તા. ૧૫–૭–'૯૯ ના રોજની કાર્યવાહી નોધ મજૂર કરવી.
(એસ્ટેટ કમિટિની મિનિટસ પરિશિષ્ટ – ૩ તરીકે સામેલ છે)

૮. આ યુનિવર્સિટીની પી.એચડી. પદવીમા નોધણી કરવાની પ્રક્રિયાના સદર્ભમા માનનીય કુલપતિશ્રીએ સુચવેલ સુધારા અગેની બાબતે બી.યુ.ટી.ની તા. ૧૭–૫–'૯૯ (ક્રમાક : ૩) અને એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧–૫–'૯૯ (ક્રમાક : ૨) ની સભામા થયેલ ઠરાવ અગે વિચારણા કરવા બાબત.

**બી.યુ.ટી. તા. ૧૭–૫–૯૯ ઠરાવ ક્રમાક : ૩ ::–**

આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામા આવે છે કે, પી.એચડી. પદવીનુ નોધણી ફોર્મ રજૂ કરતા પહેલા વિદ્યાર્થી એ જે તે ભવનના અધ્યક્ષશ્રી અને બે સિનિયર અધ્યાપકોની બનેલી કમિટિ (અધ્યક્ષશ્રીએ જુન–'૯૯ થી કમિટિની રચના કરી લેવી.) સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી સશોધનનુ વિષય વસ્તુ, મહત્વનુ પ્રદાન, શીર્ષક વિગેરે બાબતોની ચર્ચા કરવી.
કમિટિએ પી.એચડી. વિદ્યાર્થીની ગુણવત્તાની ખાત્રી થયે પ્રવેશની યોગ્યતા ફોર્મમા પ્રમાણિત કરી સહી કરી આપવી અને સશોધકે આવુ પ્રમાણિત કરેલ રજીસ્ટ્રેશન ફોર્મ રજૂ કર્યા બાદ નોધણી કરવી.

જે તે વિષયની પી.એચડી. પદવીની નોધણી માટે યુનિવર્સિટી ડીપાર્ટમેન્ટમા તે વિષય ન હોય તો તેવા કિસ્સામા કુલનાયકશ્રી અને જે તે ફેકલ્ટીના ડીનશ્રી સબધિત માર્ગદર્શકની કમિટિ આ અગે નિર્ણય કરશે.

કાયદા વિદ્યાશાખાની પી.એચડી. પદવીની નોધણી માટે હાલની પ્રક્રિયામા કોઈ ફેરફાર કરવો નહિ.

**તા. ૩૧–૫–'૯૯ ની એકેડેમિક કાઉન્સિલમા થયેલ ઠરાવ ન. ૨ ::–**

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે બી.યુ.ટી.ની તા. ૧૭–૫–'૯૯ ની ઉપર્યુકત ભલામણમા નીચે મુજબનો ઉમેરો કરવો.

પી.એચડી. પદવીની નોધણી માટેની કમીટીમા ગાઈડનો સમાવેશ કરવો તેમજ કમીટી જો વિદ્યાર્થીને પી.એચડી. પદવીની નોધણી માટે ભલામણ ન કરે તો તે બાબત બી.યુ.ટી.મા રજૂ કરવી."

આથી ઠરાવવામા આવે છે કે પીએચ.ડી.પદવીમા નોધણીની પ્રક્રિયામા ફેરફાર કરવા સબધી બી.યુ.ટી.ની તા.૧૭–૫–'૯૯ ની સભામા એકેડેમિક કાઉન્સિલને કરાયેલ ભલામણ મજૂર રાખવા સબધી એકેડેમિક કાઉન્સિલની તા.૩૧–૫–'૯૯ ની સભાની ભલામણ સ્વીકારવી નહિ.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે પીએચ.ડી.પદવી નોધણી પ્રક્રિયાને વિદ્યાકીય ધોરણોને વધુ અનુરૂપ બનાવવા રિપોર્ટ કરવા નીચેના સભ્યશ્રીઓની કમિટિ નિયુકત કરવી.

| | | | |
|---|---|---|---|
| ૧. | કુલનાયકશ્રી, અધ્યક્ષશ્રી | ૨. | ડૉ. કે.કે.ખખ્ખર |
| ૩. | પ્રા.રૂપસિહભાઈ સોલકી | ૪. | ડૉ. એ.આર.પરીખ |
| ૫. | ડૉ.ડી.જે.ભટ્ટ | | |

(ડૉ.કે.કે.ખખ્ખરના વાધા છતા તેઓશ્રીને સભ્યપદે નિયુકત કરાયા હતા.)

આથી વધુમા ઠરાવવામા આવે છે કે નવા નિયમો બને અને તેના અમલીકરણનો નિર્ણય થાય ત્યા સુધી જૂના નિયમો અમલમા રહેશે.

૯. આચાર્યશ્રી, શ્રી પી.ડી.માલવીયા કો લેજ ઓફ કોમર્સ – રાજકોટ તરફથી જૂન – ૧૯૯૬ થી ચાલુ જોડાણ નિયમિત કરવા તથા જૂન –'૯૯ થી કાયમી જોડાણ માટે આવેલ જોડાણ અરજી સ્વીકારવા તથા તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિ નિમવા વિચારણા કરવા બાબત.

**નોધ ::–**

૧. ઉપર્યુકત કોલેજને ચાલુ જોડાણ તા. ૧૫–૬–'૯૩ થી તા. ૧૪–૬–'૯૬ સુધી ત્રણ વર્ષ માટે નીચેની વિગતે આપવા ભલામણ કરવામા આવી હતી.

**જોડાણની વિગત ::–**

**વાણિજય વિદ્યાશાખા ::– ( ચાલુ જોડાણ)**

બી.કોમ.(વૈ.) : આકડાશાસ્ત્ર, કોમ્પ્યુટર સાયન્સ,
ડિપ્લોમા ઈન કોમ્પ્યુટર સાયન્સ
સર્ટિફીકેટ કોર્ષ ઈન કોમ્પ્યુટર સાયન્સ

૨. ઉપરોકત વિગતે કોલેજે જૂન–'૯૬ થી આગળના વર્ષ માટે ઉત્તરોત્તર જોડાણ અરજી કરવાની હોય છે પરતુ કોલેજે જોડાણ અરજી ઉત્તરોત્તર કરેલ નથી.

૩. ઉકત બાબતે કોલેજને ચાલુ જોડાણ નિયમિત કરવા જણાવેલ.

૪. ઉકત કોલેજનુ વાણિજય વિદ્યાશાખામા દ્વિતીય વર્ષ, બી.કોમ. (વૈ.) કોમ્પ્યુટર સાયન્સ ૧૯૯૦–૯૧, તૃતિય વર્ષ ૯૧–૯૨, તથા બી.કોમ. ૧૯૯૨ – ૯૩ સુધીનુ જોડાણનુ જાહેરનામુ ક્રમાક : સયજ– ૧૫૮૮ – ૨૭૯૩૨ – ૧૧૧ – ખ,૧ તા. ૨૪–૮–'૯૮ થી બહાર પડેલ છે. તેમજ આકડાશાસ્ત્રનુ જોડાણ પ્રથમ વર્ષ બી.કોમ. (નવુ જોડાણ) ૧૯૮૮ – ૮૯ થી ૯૧ – ૯૪ સુધીનુ ક્રમાક : સયજ– ૧૫૮૮ – ૨૭૯૩૨ – ૧૧૧ – ખ, તા. ૨૩–૯–'૯૮ થી બહાર પડેલ છે.

૫. ઉકત જોડાણ જૂન–'૯૬ થી નિયમિત કરવા તથા જૂન–'૯૯ થી કાયમી જોડાણ આપવા અગેની નિયમાનુસારની જોડાણ ફી, લેઈટ ફી તથા પેનલ્ટી ફી રૂા.૩૫,૦૦૦/– કોલેજે પહોચ ન. ૫૫૫૮ તા. ૪–૬–'૯૯ થી ભરેલ છે.

આથી ઠરાવવામા આવે છે કે આચાર્યશ્રી, શ્રી પી.ડી.માલવીયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ તરફથી જૂન–૧૯૯૬ થી ચાલુ જોડાણ નિયમિત કરવા તથા જૂન–૧૯૯૯ થી કાયમી જોડાણ માટે આવેલ જોડાણ અરજી સ્વીકારવી.
આથી વધુમા ઠરાવવામા આવે છે કે આ કોલેજમા જૂન–૧૯૯૬ થી જોડાણ નિયમિત કરવા તથા કાયમી જોડાણ આપવા સબધમા સ્થાનિક તપાસ સમિતિ નિયુકત કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે જે કોલેજને કાયમી જોડાણ અપાય તેના નિરીક્ષણ સબધે મોનીટરીગ કમિટિ નિયુકત કરવી. મોનીટરીગ કમિટિ દર પાચ વર્ષે જે તે કોલેજની તપાસ કરી રિપોર્ટ આપશે.દરેક કાયમી જોડાણ ધરાવતા અભ્યાસક્રમના મોનીટરીગ માટે પ્રતિ પાચ વર્ષની મોનીટરીગ ફી રૂા. ૫,૦૦૦/– રાખવી.

૧૦. શ્રી ટી.ટી.રૈયાણી, આચાર્યશ્રી એમ.ટી.ધમસાણીયા કોલેજ, રાજકોટ તરફથી તા. ૧૫–૭–'૯૯ થી આવેલ પત્રના સદર્ભે યુનિવર્સિટી સલગ્ન બી.બી.એ.ના અભ્યાસક્રમમા કોલેજ બદલવા માગતા વિદ્યાર્થીઓ માટે એન.ઓ.સી. આપવા અગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે ગ્રાટેબલ કોલેજોમાથી કોલેજ બદલવા સબધમા "નાવાધાપ્રમાણપત્ર" (NOC) ની જે જોગવાઈ હોય તે પ્રમાણે આવા કિસ્સામા પણ કરવુ તેવી કોલેજને જાણ કરવી.

૧૧. ઓર્ડિનન્સ ૧૮૬ મુજબ રચાયેલ જોઈન્ટ કન્સલટેટીવ કમીટીની તા. ૩૦–૬–'૯૯ ના રોજ મળેલ સભાની કાર્યવાહી નોધ મજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે સ્ટાફ જોઈન્ટ કન્સલટેટીવ કમિટિની તા.૩૦–૬–'૯૯ ની સભાના કામકાજ – ૨ અને ૩ સિવાયની બાબતો પરત્વેની ભલામણો મજૂર કરવી.

૧૨. જૂન–૨૦૦૦ થી નવી કોલેજ માટે જોડાણ મેળવવા નીચેની સસ્થાઓની આવેલ જોડાણ અરજીઓ સ્વીકારવી કે કેમ અને સ્વીકારવાનો નિર્ણય લેવાય તો તે પર સ્થાનિક તપાસ સમિતિના સભ્યશ્રીઓ નિમવા વિચારણા કરવા બાબત.

૧. શ્રીમતી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ, આટકોટ (આર્ટસ માટે)
૨. ગુજરાત સ્ટેટ પછાતવર્ગ વિકાસ મડળ, જૂનાગઢ (બી.એડ્.માટે)
૩. માનવ કલ્યાણ સઘ, જામનગર (બી.સી.એ.,ડી.સી.એસ.માટે)
૪. હરજીવન પ્રભુજી એજયુકેશન ટ્રસ્ટ, જામનગર (બી.સી.એ.,ડી.સી.એ.માટે)
૫. જે.જે.કારીઆ એજયુકેશન ટ્રસ્ટ, જામનગર (બી.સી.એ.,ડી.સી.એ., સી.સી.એસ.માટે)
૬. સરસ્વતિ ઈન્સેટેક એજયુકેશન ટ્રસ્ટ, કેશોદ (બી.સી.એ.માટે)
૭. નિલકઠ ચેરીટેબલ એજયુકેશનલ ટ્રસ્ટ,રાજકોટ (આઈ.ટી., ડી.આઈ.ટી.એમ., અને પી.જી.ડી.સી.એ. માટે)

આથી ઠરાવવામા આવે છે કે જૂન–૨૦૦૦ થી નવી કોલેજ માટે જોડાણ મેળવવા નીચેની સસ્થાઓની આવેલ જોડાણ અરજીઓ સ્વીકારવી.

૧. શ્રીમતી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આટકોટ (આર્ટસ માટે)
૨. ગુજરાત સ્ટેટ પછાતવર્ગ વિકાસ મડળ, જૂનાગઢ (બી.એડ્.માટે)
૩. માનવ કલ્યાણ સઘ, જામનગર (બી.સી.એ.,ડી.સી.એસ.માટે)
૪. હરજીવન પ્રભુજી એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર (બી.સી.એ.,ડી.સી.એ.માટે)
૫. જે.જે.કારીઆ એજ્યુકેશન ટ્રસ્ટ, જામનગર (બી.સી.એ.,ડી.સી.એ., સી.સી.એસ.માટે)
૬. સરસ્વતિ ઈન્સેટેક એજ્યુકેશન ટ્રસ્ટ, કેશોદ (બી.સી.એ.માટે)
૭. નિલકઠ ચેરીટેબલ એજ્યુકેશનલ ટ્રસ્ટ,રાજકોટ (આઈ.ટી., ડી.આઈ.ટી.એમ.,અને પી.જી.ડી.સી.એ. માટે)

આથી વધુમા ઠરાવવામા આવે છે કે ઉપરોકત અરજીઓ સદર્ભે સ્થાનિક તપાસ સમિતિ નિયુકત કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. બાધકામ વિભાગની વાયરમેનની જગ્યાના લાયકાતના ધોરણોમા ફેરફાર કરવા તથા મીસ્ત્રી (સુથાર) ની જગ્યા ભરવા માટે સિન્ડિકેટ ધ્વારા નિમવામા આવેલ કમિટિની તા.૧૪–૬–'૯૯ ની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

**નોધ ::–**

૧. જોઈન્ટ કન્સલટેટીવ કમિટિની તા.૨૧–૫–'૯૮ ની સભામા ભલામણ ન. ૯ તથા ૧૦ થી નીચે મુજબ ભલામણ થયેલ.

૯ " આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે હેલ્પર માથી વાયરમેનની જગ્યા પર બઢતી આપવાનુ રાખવુ લાયકાતના ધોરણોમા વાયરમેનની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ તે લાયકાતને ધ્યાનમા રાખવી."

**૧૦** " આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે મિસ્ત્રી (સુથાર) ની જગ્યા ભરવા માટે હાલ ઓફિસિયેટીગ ધોરણે નિમણૂક આપવી અને આ જગ્યા સીધી ભરતીથી ભરવાની જોગવાઈ હોવાથી જાહેરાત મુજબ વહેલી તકે ઈન્ટરવ્યુ ગોઠવી ભરતી કરવાની કાર્યવાહી કરવી."

૨. ઉપરોકત બાબતે સિન્ડિકેટની તા.૫–૬–'૯૮ ની સભામા ઠરાવ ન. ૨૫ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે.

" ઠરાવ ન. ૯ અને ૧૦ થી થયેલ ભલામણ સબધમા સિન્ડિકેટની

તા.૩૦–૯–'૯૬ ના લેબર ટ્રેડની કામગીરી કોન્ટ્રેકટ પધ્ધતિથી કરવા સબધી ઠરાવના અનુસધાને વિચારણા કરી ભલામણ કરવા નીચેના સભ્યશ્રીઓની નિયુકિત કરવી.

૧. શ્રી જીતુભાઈ ભટ્ટ
૨. શ્રી ડી.જી.મોદી
૩. શ્રી નિદત્તભાઈ બારોટ

૩. સિન્ડિકેટે તેની તા.૩૦–૯–'૯૬ ની સભામા નીચે મુજબ ઠરાવ કરેલ છે.

આથી ઠરાવવામા આવે છે કે યુનિવર્સિટીના સેટ–અપમા લેબરટ્રેડની બધી બિન–શૈક્ષણિક જગ્યાઓ સ્વતત્ર કોન્ટ્રેકટના ધોરણે કોન્ટ્રેકચ્યુઅલ બેઈઝથી ભરવા કાર્યવાહી કરવી.

આથી ઠરાવવામા આવે છે કે બાધકામ વિભાગની વાયરમેનની જગ્યાના લાયકાતના ધોરણોમા ફેરફાર કરવા તથા મિસ્ત્રી(સુથાર)ની જગ્યા ભરવા માટે સિન્ડિકેટ ધ્વારા નિમવામા આવેલ કમિટિની તા.૧૪–૬–'૯૯ ની કાર્યવાહી નોધ મજૂર રાખવી.

૧૪. ફીકસ પગારી કલાર્કને માસિક ફીકસ વેતન રૂા. ૧૨૦૦/– ને બદલે રૂા. ૨૦૦૦/– કરી આપવા અગે વિચારણા કરવા બાબત.

**નોધ ::–**

૧. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ, કોમ્પ્યુટર સાયન્સ ભવન, હોસ્ટેલમા ફીકસ પગારી તરીકે કામ કરતા કલાર્કને રૂા.૨,૦૦૦/– પગાર આપવામા આવે છે જયારે હિસાબ વિભાગમા કામ કરતા કલાર્કને રૂા. ૧૨૦૦/– આપવામા આવે છે. તેમની માગણી છે કે તેમને પણ અન્ય કલાર્કની જેમ રૂા.૨૦૦૦/– આપવામા આવે, જેઓને રૂા.૨૦૦૦/– આપવામા આવે છે તેઓની નિમણૂક ૧૯૯૭ મા થયેલ છે. જેમને રૂા. ૧૨૦૦/– આપવામા આવે છે તેમની નિમણૂક તા.૧૪–૧૧–'૯૮ થી થઈ છે.

૨. સિન્ડિકેટે તા.૨૪–૧૨–'૯૮ ની સભામા ઠરાવ ન. ૨૭ થી જે ઠરાવ થયેલ છે તેનો સદર્ભ ભાગ નીચે પ્રમાણે છે.

આથી ઠરાવવામા આવે છે કે શ્રી પ્રવિણભાઈ વસાવડા કમિટિની ભલામણો સ્વીકારવી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે કુલપતિશ્રી, કુલનાયકશ્રી કે કુલસચિવશ્રીએ સમિતિની ભલામણ મુજબ સિન્ડિકેટની મજૂરી વગર ફીકસ પગાર કે નિયત પે – સ્કેલમા નિમણૂક કરવી નહી.

આથી ઠરાવવામા આવે છે કે ફીકસ પગારી કલાર્કના ફીકસ પગારમાની વિસગતતા ધ્યાને લઈ જેમને રૂા.૧૨૦૦/– ફીકસ પગાર અપાયો છે તેમને રૂા. ૨૦૦૦/– આપવાની વિનતી મજૂર રાખવી નહિ.

૧૫. બાયોસાયન્સ ભવનમા એસોસીએટ પ્રોફેસર (પ્રોફેસર એમ.પી. એસ.) તરીકે ફરજ બજાવતા ર્ડા. વાય.ડી.સીધની ગુજરાત ઈકોલોજી કમિશનમા નિયામક તરીકે

નિમણૂક વર્ષ માટે કાર્યવાહી ઉપર

થતા તેઓને ઉકત સસ્થામા ડેપ્યુટેશન ઉપર મોકલેલ હતા. તેમની મુદત એક એટલે કે તા.૧–૫–'૯૯ થી તા. ૩૦–૪–૨૦૦૦ સુધી લબાવવા જરૂરી હાથ ધરવા અગે શિક્ષણ વિભાગ ગાધીનગરના તા. ૬–૪–'૯૯ ના પત્ર વિચારણા કરવા બાબત.

**નોધ ::–**

૧. ર્ડા. વાય.ડી.સીધને તા. ૧–૫–'૯૫ થી તા. ૩૦–૬–'૯૬ એક વર્ષ માટે ડેપ્યુટેશન ઉપર મોકલેલ હતા. (સિન્ડિકેટની તા. ૨૫–૩–'૯૫ ની મિટીગ ઠરાવ ૨૩ મુજબ)

૨. ત્યાર બાદ તા. ૧–૫–'૯૬ થી ૩૦–૪–'૯૬ અને ૧–૫–'૯૭ થી ૩૦–૪–૯૮ એમ બે વખત મુદત વધારેલ હતી. ત્યાર બાદ સિન્ડિકેટના તા. ૨૮–૧–'૯૯ ના ઠરાવ ક્રમાક : ૩૧ મુજબ ૧–૫–'૯૮ થી ૩૦–૪–'૯૯ સુધી લીયન મજૂર રાખેલ હતુ. હવે ર્ડા.સીધનુ લીયન તા. ૧–૫–'૯૯ થી ૩૦–૪–૨૦૦૦ સુધી લબાવવાનુ રહે છે.

આથી ઠરાવવામા આવે છે કે બાયોસાયન્સ ભવનમા એસોસીએટ પ્રોફેસર (પ્રોફેસર એમ.પી.એસ.) તરીકે ફરજ બજાવતા ર્ડા.વાય.ડી.સીધની ગુજરાત ઈકોલોજી કમિશનમા નિયામક તરીકે નિમણૂક થતા તેઓને ઉકત સસ્થામા ડેપ્યુટેશન ઉપર મોકલાવેલ હતા. તેમની મુદત એક વર્ષ માટે એટલે કે તા.૧–૫–'૯૯ થી તા. ૩૦–૪–૨૦૦૦ સુધી લબાવવા જરૂરી કાર્યવાહી હાથ ધરવા અગે શિક્ષણ વિભાગ, ગાધીનગરના તા. ૬–૪–'૯૯ ના પત્રમાની વિનતી સ્વીકારી તે મુજબ ર્ડા.વાય.ડી.સીધનુ લીયન તા. ૧–૫–'૯૯ થી તા.૩૦–૪–૨૦૦૦ સુધી લબાવવુ.

૧૬. તા. ૨૧–૨–'૯૮ ની તબીબી વિદ્યાશાખાની ભલામણ પરથી એકેડેમિક કાઉન્સીલે તેની તા. ૨૮–૪–'૯૯ ની સભામા કરેલ નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

**તા. ૨૮–૪–'૯૯ ની એકેડેમિક કાઉન્સીલની ભલામણ ન. ૭૯ ::–**

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર શૈક્ષણિક વર્ષ જૂન–'૯૯ થી અમલમા આવે તે રીતે ઓ.મેડી–૧ થી ઓ.મેડી–૮ (ઓ.મેડી – ૩ ના કલોઝ – ૭ સિવાય) મજૂર કરવા.

આથી ઠરાવવામા આવે છે કે તા.૨૧–૨–'૯૮ ની તબીબી વિદ્યાશાખાની ભલામણ પરથી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૮–૪–'૯૯ ની સભામા કરેલ ઉપર્યુકત ભલામણ મજૂર કરવી.

૧૭. સ્ટે.૧૬૭ (ii) મુજબ પ્રો.ફડ લોન નીચે દર્શાવેલ કર્મચારીના નામ સામે મકાન ખરીદી દુરસ્ત ખર્ચ એડવાન્સ મેળવવા અગે કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ. | નામ. | માગેલ રકમ | મળવાપાત્ર રકમ | ચુકવવાપાત્ર રકમ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ડી.ડી.ગમારા | ૬૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– |

આથી ઠરાવવામા આવે છે કે કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.

૧૮. યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોની ઈન્ટેક કેપેસીટી અને પેમેન્ટસીટ સબધમા સર્વાગી વિચારણા કરી ભલામણ કરવા સિન્ડિકેટની તા. ૨૯–૭–'૯૯ ની સભાએ નિમેલ સમિતિની ભલામણ અગે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા બાબત.

**નોધ :–**

૧. ઉકત નિમાયેલ સમિતિમા (૧) ડૉ. કે.કે.ખખ્ખર (૨) ડૉ. નટુભાઈ ચૌહાણ (૩) ડૉ.જયદિપસિહ ડોડિયાનો સમાવેશ કરવામા આવેલ છે.

આથી ઠરાવવામા આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોની ઈન્ટેક કેપેસીટી અને પેમેન્ટ સીટ સબધમા સર્વાગી વિચારણા કરી ભલામણ કરવા સિન્ડિકેટની તા.૨૯–૭–'૯૯ ની સભાએ નિમેલ ડૉ.કે.કે.ખખ્ખર, ડૉ.નટુભાઈ ચૌહાણ અને ડૉ.જયદિપસિહ ડોડિયાની સમિતિની ભલામણો નીચેના સુધારા – સ્પષ્ટતા સાથે મજૂર રાખવી.

ડિપાર્ટમેન્ટમા સામાન્યતઃ ઉપલબ્ધ સીટો ભરાયા બાદ પેમેન્ટ સીટ ભરવી

પેમેન્ટ સીટોમા પણ અનામત સીટ રાખવી. જો તે પેમેન્ટ સીટ પર પ્રવેશ માટે અનામત વર્ગના ઉપલબ્ધ ન હોય તો તે પેમન્ટ સીટ – ઓપન પેમેન્ટ સીટ તરીકે ભરી શકાશે.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે આ વ્યવસ્થા શૈક્ષણિક વર્ષ ૨૦૦૦ – ૨૦૦૧ થી અમલમા આવશે.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે અનુસ્નાતક કેન્દ્રોમા પણ પેમેન્ટ સીટ વ્યવસ્થા સબધે નીચેના સભ્યશ્રીઓની સમિતિ નિયુકત કરવી.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. કે.કે.ખખ્ખર | ૨. | ડૉ. નટુભાઈ ચૌહાણ |
| ૩. | ડૉ.જયદિપસિહ ડોડિયા | ૪. | પ્રા. જે.એમ.પનારા |

૧૯. ગુજરાત રાજયના રાજયપાલશ્રીના નાયબ સચિવશ્રીના તા. ૧૩–૮–૧૯૯૯ ના જરૂરી ખાનગી પત્રાક : જીએસએકઆઈ/ સીઓએન/૧૪૪/૧૯૯૯ પરત્વે વિચારણા કરવા બાબત.

મા.કુલાધિપતિશ્રીનો તા.૧૩–૮–'૯૯ નો પત્ર ક્રમાક :જીએસએકઆઈ/ સીઓએન /૧૪૪/૧૯૯૯ તેમજ તે અગેનો પત્રવ્યવહાર વચાણે લેવામા આવ્યો. આ અગે વિગતે સ્વસ્થ ચર્ચા વિચારણા થઈ. સભ્યશ્રીઓએ આ બાબતે મતવ્યો વ્યકત કર્યા અને તે પછી ર્ડા.નટુભાઈ ચૌહાણ અને ર્ડા. ભાવિન કોઠારી આ બાબતે મતવ્ય આપવામા તટસ્થ રહેવા માગે છે તેમ જણાવેલ.

આથી ઠરાવવામા આવે છે કે યુનિવર્સિટી સિન્ડિકેટે આ અગે વ્યકત કરેલ અભિપ્રાયની માનનીય કુલાધિપતિશ્રીને જાણ કરવી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે સિન્ડિકેટ સભ્યશ્રીઓએ વ્યકત કરેલ મતવ્યો એકસુત્રી કરી તેને પત્રના સ્વરૂપમા મૂકવા ર્ડા. કે.કે.ખખ્ખર અને પ્રિ. ડી.જી.મોદીને વિનતી કરવી અને તે અભિપ્રાયપત્ર માનનીય કુલાધિપતિશ્રીને પાઠવવો.

૨૦. ગ્રથાલય સમિતિની તા. ૨૩–૭–'૯૯ ની સભાની કાર્યવાહીની નોધને મજૂર કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે ગ્રથાલય સમિતિની તા.૨૩–૭–'૯૯ ની સભાની કાર્યવાહી નોધ મજૂર કરવી.

૨૧. નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાધીનગર તરફથી આવેલ ક્રમાક : સયજ–૧૫૯૮–૧૪૯૮–ખ.૧, તા. ૯–૬–'૯૯ ના પત્ર અનુસાર શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ સચાલિત કોમર્સ (અગ્રેજી માધ્યમ) તથા બી.બી.એ.કોલેજ–અમરેલીની રૂા. ૬ (છ) લાખ ડિપોઝીટ ૬ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેન્કમા સસ્થાના પ્રમુખ તેમજ કુલસચિવશ્રીના સયુકત નામે જમા કરાવવા સબધેના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(નોધ :–**

૧. પત્રમા જણાવેલ છે કે રાજય સરકારે રૂા.૬/–(છ) લાખની ડિપોઝીટ લેવા અગે તેમના તા.૯–૬–'૯૮ ના પત્ર ક્રમાક : સયજ– ૧૫૯૮ – ૧૪૯ – ૮૨ – ખ.૧ ની શરત ન. ૩ મા સૂચવેલ છે. આ રકમમા યુનિવર્સિટીએ જે ઘટાડો કર્યો છે તે યોગ્ય જણાતુ નથી.

૨. સિન્ડિકેટની તા.૫–૬–'૯૮ ની સભામા કામકાજ – ૧૭ અને ૭૧ થી કરેલ ઠરાવમા ફેકલ્ટી દીઠ રૂા.૩/–(ત્રણ) લાખ ડિપોઝીટ રાખવા અગે ઠરાવ કરેલ છે.

૩. ઉકત કોલેજે સિન્ડિકેટના ઠરાવ મુજબ રૂા.૩/– (ત્રણ) લાખ ફિકસ ડિપોઝીટ જમા કરાવેલ છે.

૪. સિન્ડિકેટના ઉકત ઠરાવની જાણ રાજય સરકારશ્રીને ન.જોડાણ–૨–૧૭૫૫ –૯૮, તા. ૩૦–૧૨–'૯૮ થી કરેલ છે.

૫. ત્યાર બાદ નાયબ સચિવ, શિક્ષણ વિભાગ, ગાધીનગર તરફથી ક્રમાક : સયજ – ૧૫૯૮–૧૪૫–૭૫–ખ.૧, તા. ૪–૨–'૯૯ થી સવ્યસાચી એજયુ.ટ્રસ્ટ સચાલિત બી.બી.એ.કોલેજ–રાજકોટના પણ રૂા.૬/– લાખ ડિપોઝીટ લેવા જણાવેલ. આ બાબત તા.૩–૫–'૯૯ ની સિન્ડિકેટની સભામા કામકાજ ૧૪ થી વિચારણા માટે મૂકવામા આવેલ, જે અગે એક ફેકલ્ટી દીઠ રૂા.૩ લાખ, બે ફેકલ્ટીના રૂા. ૬/– લાખ અને ત્રણ ફકલ્ટીના રૂા. ૯/– લાખ ડિપોઝીટ રાખવા સબધી યુનિવર્સિટીનો નિર્ણય ચાલુ રાખવા ઠરાવેલ છે.

૬. રાજય સરકારશ્રીના પત્ર અનુસાર સવ્યસાચી એજયુ.ટ્રસ્ટ–રાજકોટ ધ્વારા રૂા. ૬/–લાખ ડિપોઝીટ કરાવેલ છે જેની જાણ રાજય સરકારશ્રીને કરેલ છે.

૭. જેથી હવે નવી કોલેજોએ રાજય સરકારશ્રીના ઉકત પત્ર અનુસાર રૂા. ૬/–(છ) લાખની પગાર અનામત ફડ પેટે અનામત રાખવી કે સિન્ડિકેટના ઠરાવ અનુસાર વિદ્યાશાખા દીઠ રૂા.૩/–(ત્રણ) લાખ અનામત રાખવી તે પર વિચારણા કરવાની રહે છે.)

આથી ઠરાવવામા આવે છે કે રૂપિયા છ લાખ ડીપોઝીટ લેવા સબધમા નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ,ગાધીનગર તરફથો આવેલ પત્ર ક્રમાક : સયજ–૧૫૯૮–૧૪૯૮– ખ.૧, તા. ૯–૬–'૯૯ ને ઘ્યાને લઈ રૂપિયા છ લાખની ડિપોઝીટ લેવાની મૂળ વ્યવસ્થા યથાવત રાખવી.

૨૨. સચાલકશ્રી, સવ્યસાચી એજયુકેશન ટ્રસ્ટના તા. ૩૧–૭–'૯૯ ના પત્રથી તેમની સસ્થા સચાલિત બી.બી.એ.કોલેજ–રાજકોટના નામમા કુલપતિશ્રીના આદેશાનુસાર નીચે મુજબ ફેરફાર કર્યા અગેની નોધ લેવા બાબત.

| **કોલેજનુ જૂનુ નામ/સરનામુ** | **કોલેજનુ નવુ નામ/સરનામુ** |
|---|---|
| શ્રી સવ્યસાચી એજયુકેશન ટ્રસ્ટ સચાલિત બી.બી.એ.કોલેજ, સવ્યસાચી કોમ્પલેક્ષ ઈન્દીરા સર્કલ પાસે રાજકોટ | શ્રી સવ્યસાચી એજયુકેશન ટ્રસ્ટ સચાલિત શ્રી ટી.એન.રાવ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ એન્ડ કોલેજ ઓફ ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, સવ્યસાચી કોમ્પ્લેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, રાજકોટ. |

આથી ઠરાવવામા આવે છે કે સચાલકશ્રી, સવ્યસાચી એજયુકેશન ટ્રસ્ટના તા.૩૧–૭–'૯૯ ના પત્રથી તેમની સસ્થા સચાલિત બો.બી.એ.કોલેજ – રાજકોટના નામમા કુલપતિશ્રીના આદેશાનુસાર નીચે મુજબ ફેરફાર કર્યા અગેની નોધ લેવી.

| **કોલેજનુ જૂનુ નામ/સરનામુ** | **કોલેજનુ નવુ નામ/સરનામુ** |
|---|---|
| શ્રી સવ્યસાચી એજયુકેશન ટ્રસ્ટ સચાલિત બી.બી.એ.કોલેજ, સવ્યસાચી કોમ્પલેક્ષ ઈન્દીરા સર્કલ પાસે રાજકોટ | શ્રી સવ્યસાચી એજયુકેશન ટ્રસ્ટ સચાલિત શ્રો ટી.એન.રાવ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ એન્ડ કોલેજ ઓફ ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, સવ્યસાચી કોમ્પ્લેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, રાજકોટ. |

૨૩. એમ.એસ.ડબલ્યુ પાર્ટ–૧ મા પેઈડ સીટની (સેલ્ફ ફાઈનાન્સ) પાચ બેઠકો ઉભી કરી એડમિશન આપવા અધ્યક્ષશ્રી એમ.એસ.ડબલ્યુ ભવનના તા. ૧૬–૮–'૯૯ ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

**નોધ ::**– અધ્યક્ષશ્રીએ તેમના તા.૧૬–૮–'૯૯ ના પત્રથી નીચેની વિગતે રજૂઆત કરેલ છે.

૧. એમ.એસ.ડબલ્યુ ભવન સેલ્ફ ફાઈનાન્સના ધોરણે ચલાવવામા આવે છે. નીચે દર્શાવ્યા મુજબ ૩૦ બેઠકો છે.

૨૦ બેઠકો – અનામત બેઠકો સહિત ઓપન જગ્યા
૧૦ બેઠકો – સ્પોન્સર સીટ
**૩૦ બેઠકો**

૨. સિન્ડિકેટની તા. ૨૯–૭–'૯૯ ની સભામા નકિક થયા પ્રમાણે ત્રણ મેમ્બર કમિટિની નિયુકિત થયેલ, તે પ્રમાણે કમિટિની ભલામણ આવેલ છે. તેમા ૧:૫ ના રેસીયાની મર્યાદામા ફી ન ધોરણ રૂા.૭૩૨૦×૫ = ૩૬૬૦૦ પેમેન્ટ સીટ માટે નકકી કરી શકાય.

૩. કમિટિની ભલામણ મુજબ કુલ સીટના૨૦% થી પેમેન્ટ સીટ વધારી શકાય નહિ. આથી ૬ સીટથી વધારે પેમેન્ટ સીટ વધારી શકાય નહિ.
તેની સામે ડિપાર્ટમેન્ટની પાચ સીટની માગણી છે.

આથી ઠરાવવામા આવે છે કે ઠરાવ ક્રમાક ૧૮ થી કરાયેલ જોગવાઈ મુજબ માસ્ટર ઓફ સોશ્યલ વર્કમા પણ પેમેન્ટ સીટની વ્યવસ્થા રાખવી.

૨૪. સરદાર પટેલ યુનિવર્સિટીના **એમ.બી.એ.મા પ્રવેશ તેમજ પી.જી.ડિપ્લોમાની પેટર્ન નકિક કરવા બી.યુ.ટીની તા. ૧૭–૫–'૯૯** તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૩૧–૫–'૯૯ ની સભાએ રચેલ કમિટિના તા. ૧૦–૬–'૯૯ ના તપાસ રિપોર્ટ અગે વિચારણા કરવા બાબત.

(**નોધ ::– કમિટિ**

૧. કુલનાયકશ્રી ૨. ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા

૩. અધરધેન ડીનશ્રી, વાણિજય વિદ્યાશાખા.)

આથી ઠરાવવામા આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના એમ.બી.એ.મા પ્રવેશ તેમજ પી.જી.ડિપ્લોમાની પેટર્ન નકકી કરવા બી.યુ.ટી.ની તા.૧૭–૫–'૯૯ તથા એકેડેમિક કાઉન્સિલની તા.૩૧–૫–'૯૯ ની સભાએ રચેલ કમિટિના તા.૧૦–૬–'૯૯ નો તપાસ રિપોર્ટ સ્વીકારવો.

૨૫. વિજ્ઞાન ફેકલ્ટીના ડીનશ્રી, ડૉ.યુ.એમ.મણવરે તા.૨૫–૮–'૯૯ ના રોજ કુલપતિશ્રીને લખાયેલ પત્ર ઉપર કુલપતિશ્રીએ બી.સી.એ. તથા / બી.એસસી.આઈ. ટી.ના એનરોલમેન્ટની તા. ૨૦–૯–'૯૯ સુધી લબાવી આપ્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અગે.

આથી ઠરાવવામા આવે છે કે વિજ્ઞાન ફેકલ્ટીના ડીનશ્રી, ડૉ.યુ.એમ.મણવરના તા.૨૫–૮–'૯૯ ના રોજ કુલપતિશ્રીને લખાયેલ પત્ર ઉપર કુલપતિશ્રીએ બી.સી.એ. તથા બી.એસસી., આઈ.ટી.ના એનરોલમેન્ટની તા.૨૦–૯–'૯૯ સુધી લબાવી આપ્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૨૬. પરીક્ષા વહીવટી સુધારણા આયોજન સબધી વિચારણા કરવા સિન્ડીકેટની પેટા સમિતિની એક સભા તા.૨૭–૮–'૯૯ ના રોજ મળેલ હતી આ સભાની ભલામણો સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ મજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે પરીક્ષા વહીવટી સુધારણા આયોજન સબધી વિચારણા કરવા સિન્ડિકેટની પેટા સમિતિની એક સભા તા.૨૭–૮–'૯૯ ના રોજ મળેલ હતી. આ સભાની ભલામણો સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે કમિટિની ભલામણ પૈકી ૨ (૭) ની વ્યવસ્થા ઓકટોબર/નવેમ્બર – ૧૯૯૯ ની પરીક્ષા પૂરતી અમલમા રહેશે.
આથી વધુમા ઠરાવવામા આવે છે કે મુદ્દા ન.૨ માની વ્યવસ્થા મુજબ કોમ્પ્યુટાઈઝેશન વ્યવસ્થામા કોમ્પ્યુટર સેન્ટરના નિયામકશ્રી વિગેરે ટેકનીકલ સપોર્ટ પૂરો પાડશે.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે જે કોલેજમા બી.સી.એ.અભ્યાસક્રમ ચાલતો ન હોય તે કોલેજમા આ અભ્યાસક્રમની થિયરી પરીક્ષા લેવા વ્યવસ્થા કરવી.

૨૭. તા.૧૪–૨–'૯૭ ની એકેડેમિક કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાક : ૨૩ થી પરીક્ષા અગે સુધારણા કરવા માટે પ્રાશ્નિક/ પરીક્ષકોની નિમણૂક માટેની પેનલ બનાવવાની પ્રથામા ફેરફાર કરવા માટે (ગુણાકન પધ્ધતિ મુજબ) નિયુકત કરવામા આવેલ કમિટીના અહેવાલ પર તા.૨૮–૧–'૯૯ ની એકેડેમિક કાઉન્સિલે કરેલ ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

**તા.૨૮–૧–'૯૯ ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ ન. ૪ :–**

આથી સિન્ડિકેટને ભલામણ કરવામા આવે છે કે તા.૧૪–૨–'૯૭ ની એકેડેમિક કાઉન્સિલે નિયુકત કરેલ સમિતિનો અહેવાલ મજૂર કરવો.

આથી ઠરાવવામા આવે છે કે ઉપર્યુકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

ત્યારબાદ પ્રમુખશ્રીની મજૂરીથી નીચે મુજબના કામકાજની વિચારણા કરવામા આવી.

૨૮. તા.૩૦–૮–'૯૯ ના રોજ મળેલ એકઝામીનેશન ડિસિપ્લીનરી એકશન કમિટિ દ્વારા લેવાયેલ નિર્ણયનુ પુનરાવલોકન કરવા અગે એલએલ.એમ. પાર્ટ–૧ ના ૧૫ પરીક્ષાર્થીઓ દ્વારા આવેલ અરજી અગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે એલ.એલ.એમ.ના વિદ્યાર્થીઓ સબધમા તા.૩૦–૮–'૯૯ ની એકઝામીનેશન ડીસીપ્લીનરી એકશન કમિટિએ લીધેલા નિર્ણયની ફેર વિચારણા કરવાની વિનતી સ્વીકારવી નહિ.

૨૯. હોમસાયન્સ ભવનમા લેકચરર તરીકે ફરજ બજાવતા પ્રા. શ્રી એચ.ડી.જોશીને તા.૨–૯–'૯૯ થી તેમની જગ્યા ઉપર કાયમી કરવા અગે વિચારણા કરવા બાબત. (નોધ :– પ્રા. શ્રી એચ.ડી.જોશી હોમસાયન્સ ભવનમા તા. ૨–૯–'૯૮ થી જોડાયા હતા તથા પ્રોબેશનનુ એક વર્ષ તા. ૧–૯–'૯૯ ના રોજ પુરૂ થાય છે. તેમનો ખાનગી અહેવાલ સભા સમયે રજૂ કરવામા આવશે.)

આથી ઠરાવવામા આવે છે કે હોમસાયન્સ ભવનમા લેકચરર તરીકે ફરજ બજાવતા શ્રી એચ.ડી.જોશીને તા.૨–૯–'૯૯ થી તેમની જગ્યા ઉપર કાયમી કરવા. (પ્રા. શ્રી એચ.ડી.જોશીનો ખાનગી અહેવાલ સભા સમક્ષ રજૂ કરવામા આવ્યો હતો)

૩૦. સને. ૧૯૯૨–૯૩ ના વર્ષ દરમ્યાન પી.ડી.એમ.કોલેજના એમ.કોમ. અનુસ્નાતક કેન્દ્રમા નોધાયેલા કુ. ઈલા છેલશકર જોશીએ નોધણી થયાને પાચ વર્ષ દરમ્યાન એમ.કોમ.ની પરીક્ષા માદગી સબબ આપી શકેલ નથી.

કુ.ઈલા જોશીને એમ.કોમ.ની પરીક્ષા ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આપવા માટે ખાસ કિસ્સામા મજૂરી આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે એમ.કોમ.ના અભ્યાસક્રમ માટે સને.૧૯૯૨–૯૩ મા નોધણી કર્યાના પાચ વર્ષ વીતી જતા નોધણી રદ ગણાતી હોઈ વિદ્યાર્થીની કુ.ઈલા છેલશકર જોશીની નોધણી ખાસ કેસ તરીકે ચાલુ ગણી પરીક્ષામા બેસવા દેવાની વિનતી સ્વીકારવી.

૩૧. શ્રી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ જૂનાગઢ સચાલિત નવી મહિલા હોમસાયન્સ કોલેજ – જૂનાગઢને રાજય સરકારશ્રીને નવા જોડાણ માટે જૂન–'૯૮ થી કરવામા આવેલ દરખાસ્ત સદર્ભે સદરહુ સસ્થા દ્વારા હવે નવી કોલેજ શરૂ નહિ કરવા અગે સ્થાનિક તપાસ સમિતિને આપેલ તા.૨૧–૭–'૯૯ ના પત્રની નોધ લેવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે શ્રી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ જૂનાગઢ સચાલિત નવી મહિલા હોમસાયન્સ કોલેજ, જૂનાગઢને રાજય સરકારશ્રીને નવા જોડાણ માટે જૂન–૧૯૯૮ થી કરવામા આવેલ દરખાસ્ત સદર્ભે સદરહુ સસ્થા ધ્વારા હવે નવી કોલેજ શરૂ નહિ કરવા અગે સ્થાનિક તપાસ સમિતિને આપેલ તા.૨૧–૭–'૯૯ ના પત્રની નોધ લેવી.

૩૨. ડો. અનામિક શાહ, રીડર, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના તા.૬–૮–'૯૯ ના પત્રથી સેન્ટ્રલ ડ્રગ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, લખનૌ સાથે રસાયણીક સશોધનની ચકાસણી માટે કરાર કરવા માટેની દરખાસ્ત મોકલેલ, તે દરખાસ્ત કરાર માટે માનનિય કુલપતિશ્રીએ આપેલ મજૂરીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.

૩૩. યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમા ફરજ બજાવતા વ્યાખ્યાતાઓને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી સબધિત જગ્યા ઉપર કાયમી કરવા બાબત.

| **ક્રમ** | **કર્મચારીનુ નામ** | **હોદ્દો** | **ભવન** | **જોડાયા તારીખ** | **કાયમી કરવાની તારીખ** |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રા.શ્રી જે.કે.ડોડીયા | વ્યાખ્યાતા | અગ્રેજી | ૭–૧૦–૯૮ | ૭–૧૦–૯૯ |
| ૨. | પ્રા. શ્રી કે.પી.જોશીપુરા | –"– | લો | ૭–૧૦–૯૮ | ૭–૧૦–૯૯ |
| ૩. | કુ.રાવલ પી.જે. | –"– | ઈતિહાસ | ૮–૧૦–૯૮ | ૮–૧૦–૯૯ |
| ૪. | પ્રા. શ્રી સજય મુખર્જી | –"– | અગ્રેજી | ૭–૧૦–૯૮ | ૭–૧૦–૯૯ |
| ૫. | શ્રીમતી જે.એમ.નાયક | –"– | સમાજ શાસ્ત્ર | ૯–૧૦–૯૮ | ૯–૧૦–૯૯ |
| ૬. | પ્રા.વર્ષાબેન ત્રિવેદી | –"– | બાયોસાયન્સ | ૧૦–૧૦–૯૮ | ૧૦–૧૦–૯૯ |
| ૭. | પ્રા.શ્રી બી.આર.એમ.વ્યાસ | –"– | બાયોસાયન્સ | ૩૦–૧૦–૯૮ | ૩૦–૧૦–૯૯ |

**નોધ :–**

૧. ખાનગી અહેવાલ સભા સમયે રજૂ કરવામા આવશે.

૨. રાજય સરકારશ્રીએ ઉપર્યુકત જગ્યાઓની જવાબદારી સ્વીકારેલ છે અને તે મુજબ ખર્ચ મજુર રહે છે.

આથી ઠરાવવામા આવે છે કે ઉપર દર્શાવેલ અધ્યાપકોને નીચેની વિગતે તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કાયમી કરવા.

| ક્રમ | કર્મચારીનુ નામ | હોદ્દો | ભવન | જોડાયા તારીખ | કાયમી કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રા.શ્રી જે.કે.ડોડીયા | વ્યાખ્યાતા | અગ્રેજી | ૭–૧૦–૯૮ | ૭–૧૦–૯૯ |
| ૨. | પ્રા. શ્રી કે.પી.જોશીપુરા | –"– | લો | ૭–૧૦–૯૮ | ૭–૧૦–૯૯ |
| ૩. | કુ.રાવલ પી.જે. | –"– | ઈતિહાસ | ૮–૧૦–૯૮ | ૮–૧૦–૯૯ |
| ૪. | પ્રા. શ્રી સજય મુખર્જી | –"– | અગ્રેજી | ૭–૧૦–૯૮ | ૭–૧૦–૯૯ |
| ૫. | શ્રીમતી જે.એમ.નાયક | –"– | સમાજ શાસ્ત્ર | ૯–૧૦–૯૮ | ૯–૧૦–૯૯ |
| ૬. | પ્રા.વર્ષાબેન ત્રિવેદી | –"– | બાયોસાયન્સ | ૧૦–૧૦–૯૮ | ૧૦–૧૦–૯૯ |
| ૭. | પ્રા.શ્રી બી.આર.એમ.વ્યાસ | –"– | બાયોસાયન્સ | ૩૦–૧૦–૯૮ | ૩૦–૧૦–૯૯ |

( ઉપર્યુકત કર્મચારીઓના ખાનગી અહેવાલ સભા સમયે રજૂ કરવામા આવ્યા હતા.)

૩૪. પ્રમુખશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, પ્રિન્સિપાલ એસોસિએશનના સલગ્ન કોલેજના આચાર્યશ્રીઓને સરકારી ધારાધોરણ અનુસાર મળતી સવલતો તથા જસાણી આર્ટસ અને કોમર્સ કોલેજના આચાર્યશ્રીની ફરિયાદ સબધેના તા. ૩૧–૭–'૯૯ ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામા આવે છે કે પ્રમુખશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, પ્રિન્સિપાલ એસોસિએશનના સલગ્ન કોલેજના આચાર્યશ્રીઓને સરકારી ધારા ધોરણ અનુસાર મળતી સવલતો તથા જસાણી આર્ટસ અને કોમર્સ કોલેજના આચાર્યશ્રીની ફરિયાદ સદર્ભે સચાલક મડળને ઓર્ડિનન્સનુ પાલન કરવા જણાવવુ.

૩૫. સિન્ડિકેટની તા. ૩–૫–'૯૯ મા બાબત ન. ૯૪ થી શ્રી જે.એસ.પરમાર આર્ટસ અને કોમર્સ કોલેજ – કોડીનારને તા. ૧૫–૬–'૯૯ થી કાયમી જોડાણ માટે સિન્ડિકેટે કરેલ ઠરાવના સદર્ભે આર્ટસ અને કોમર્સ વિદ્યાશાખાના ડીનશ્રીએ આપેલ રિપોર્ટ અન્વયે વિચારણા કરવા બાબત.

**નોધ :–** તા. ૩–૫–'૯૯ ની સિન્ડિકેટમા કામકાજ ક્રમાક : ૯૪ તથા તે પરત્વેનો ઠરાવ નીચે મુજબ છે.

આચાર્યશ્રી, શ્રી ભા.ભા.સ્મારક ટસ્ટ્ર સચાલિત શ્રી જે.એસ.પરમાર આર્ટસ અને કોમર્સ કોલેજ,કોડીનારના જૂન–૯૮ અને જૂન–૯૯ થી વધારાના જોડાણ માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦–૧–૯૯ ની સભામા કામકાજ ૧૨ થી જોડાણની શરતોનાપરિપાલન તથા કોલેજ તથા તે સબધેની વ્યવસ્થા ચકાસણી અગે ડિનશ્રી, વાણિજય વિદ્યાશાખા તથા ડિનશ્રી વિનયન વિદ્યાશાખાની નિમેલ સયકત તપાસ સમિતિના આવેલ અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮–૪–૯૯ ની સભામા કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત :–**

**વિનયન વિદ્યાશાખા :–(કાયમી જોડાણ)**

બી.એ.(મુખ્ય/ગૌણ) ગુજરાતી, સસ્કૃત, હિન્દી, સમાજશાસ્ત્ર, ઈતિહાસ

દ્રિતિય વર્ષ બી.એ.(મુખ્ય/ગૌણ) માનસશાસ્ત્ર

**વાણિજય વિદ્યાશાખા :–(કાયમી જોડાણ)**

બી.કોમ.(વૈ.)એડવાન્સ એકાઉન્ટીગ એન્ડ ઓડિટીગ

**એકેડેમિક કાઉન્સિલ તા. ૨૮–૪–૧૯૯૯ ઠરાવ ક્રમાક : ૧૦૭ – ૧૧૧**

આથી ઠરાવવામા આવે છે કે, શ્રી ભ.ભા. સ્મારક ટ્રસ્ટ સચાલિત શ્રી જે. એસ. પરમાર આટર્સ અને કોમર્સ કોલેજ – કોડિનાર એ સિન્ડિકેટને સતોષ થાય તે રીતે આ નીચે દર્શાવેલ શરતોનુ પરિપાલન તા. ૩૧–૭–૧૯૯૯ સુધીમા કરે તો નીચે દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને તા. ૧૫–૬–૯૯ થી કાયમી જોડાણ આપવા વિનયન વિદ્યાશાખા અને વાણિજય વિદ્યાશાખાના ડીનશ્રીની બે સભ્યની સમિતિ નિમવી અન અહેવાલ આવ્યે કાયમી જોડાણ સબધે નિર્ણય લેવા કુલપતિશ્રીને સતા આપવી.

**જોડાણની વિગત ::–**

<u>વિનયન વિદ્યાશાખા</u> ::– (કાયમી જોડાણ)

બી.એ. (મુખ્ય/ગૌણ) ગુજરાતી, સસ્કૃત, હિન્દી, સમાજશાસ્ત્ર, ઈતિહાસ

દ્વિતીય વર્ષ બી. એ. (મુખ્ય/ગૌણ) માનસશાસ્ત્ર

<u>વાણિજય વિદ્યાશાખા</u> ::– (કાયમી જોડાણ)

બી.કોમ. (વૈ.) એડવાન્સ એકાઉન્ટીગ એન્ડ ઓડિટીગ

**જોડાણની શરતો ::–**

૧. યુનિવસિટીએ નકકી કરેલા ધોરણો પ્રમાણેના કાયભાર અનુસાર જરૂરી સખ્યાના યુનિવસિટીનુ વેલીડ રેકગ્નીશન ધરાવતા શિક્ષકો ધ્વારા અધ્યાપન કરાવવામા આવે તેમજ અધ્યાપન માટે જરૂરી સખ્યામા શિક્ષકો ન હોય ક ઓછા હોય તો યુનિવસિટીની માન્ય લાયકાત ધરાવતા શિક્ષકોની સત્વરે નિમણૂક કરવામા આવે તેમ સરકારશ્રીને ભારપૂર્વક જણાવવુ.

૨. કોલેજમા પ્રવર્તમાન વિદ્યાશાખાના મુખ્ય વિષય દીઠ રૂા. ૫,૦૦૦/– ના તથા ગૌણ વિષય દીઠ રૂા. ૨,૦૦૦/– ના પુસ્તકો અને રૂા. ૩,૦૦૦/– ના સામયિકો જોડાણના પ્રત્યેક વર્ષ દીઠ વસાવવામા આવે.

૩. ઓ. ૧૮૮ તથા ઓ.૧૮૯ ની જોગવાઈ અનુસાર શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓનુ કાર્યભાર, સેટઅપ, પગાર, મો.ભથ્થુ, પ્રો. ફંડ તેમજ ગ્રેચ્યુઈટીનો અમલ કરવામા આવે તેમજ આ ઓ. ૧૮૯ ની અન્ય જોગવાઈઓનુ યથાર્થ પરિપાલન કરવામા આવે.

૪. યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓ પૈકી કોઈપણ પરીક્ષાનુ અને અથવા ચૂટણી અગેનુ સચાલન કોલેજને સોપવામા આવશે તે પરીક્ષાના અને ચૂટણી અગેના સમગ્ર સચાલનની જવાબદારી સ્વિકારવામા આવશે તેવી જુદી લેખિત બાહેધરી આપવામા આવે.

૫. કોલેજનુ મકાન, ફર્નિચર વગેરેનો ઉપયોગ યુનિવર્સિટી પરીક્ષાઓ માટે કરવા દેવામા આવશે તેવી અલગ બાહેધરી આપવામા આવે

૬. કોલેજમા ચાલતા અભ્યાસક્રમોમા પ્રવેશ માટે છાત્રાલયમા પ્રવેશ માટે તથા શક્ષણિક અને બિન–શૈક્ષણિક જગ્યાઓની નિમણૂકો માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રી તરફથી અનામતની જે ટકાવારીની જોગવાઈ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, તથા પછાત વર્ગના ઉમેદવારો માટે કરવામા આવી છે તેનુ ચુસ્તપણે પાલન કરવામા આવે.

૭. યુનિવર્સિટી પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા ગેરરિતિ અટકાવવા માટે મોકલવામા આવેલ ઓબ્ઝર્વર ટીમનો વ્યાપક ગેરરિતિનો અહેવાલ હશે તો ઓબ્ઝર્વર ટીમનો સપૂર્ણ ખર્ચ જે તે કોલેજે ભોગવવાનો રહેશે તેની લેખિત બાહેધરી આપવામા આવે.

૮. આ અગાઉના વર્ષમા જોડાણ માટે મૂકેલી શરતો કે જેનુ પરિપાલન કરવાનુ બાકી રહે છ તેનુ સપૂર્ણ પરિપાલન કરવામા આવે.

૯. મુખ્ય વિષયના જોડાણના વિષયો કે નવી વિદ્યાશાખા શરૂ કરતા પહેલા રાજય સરકારશ્રીની પૂર્વ મજૂરી મેળવયા બાદ જ વિદ્યાર્થી પ્રવેશની વિધિ તથા શૈક્ષણિક અને બિન–શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂકની કાર્યવાહી હાથ ધરવામા આવે.

૧૦. કોલેજમા અન. સી. સી. નુ એક યુનિટ ચાલુ કરવામા આવે.

૧૧. યુનિવર્સિટીના હાલના તથા વખતોવખત સુધારા થાય તે સહિતના સ્ટેચ્યુટસ, ઓર્ડિનન્સીઝ, રુલ્સ રેગ્યુલેશન તેમજ યુનિવર્સિટી ધ્વારા અપાતી સૂચના અને યુનિવર્સિટીના પરિપત્રોનુ પાલન કરવામા આવે.

૧૨. કુલપતિશ્રી કોલેજ પાસેથી જે કઈ માહિતી માગે તે પૂરી પાડવાની રહેશે.

**સિન્ડિકેટ તા. ૩–૫–૯૯ ઠરાવ ન. ૯૪**

આથી ઠરાવવામા આવે છે કે શ્રી ભ.ભા.સ્મારક ટ્રસ્ટ સચાલિત શ્રી જે.એસ.૫રમાર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કોડીનાર ના જોડાણ ૫રત્વે એકેડેમિક કાઉન્સિલની ઉ૫ર જણાવેલ ભલામણ સ્વીકારવી અન તેમા જણાવેલ તથા સબધિત વિદ્યાશાખાના ડીનશ્રી આ કોલેજને કાયમી જોડાણ આ૫વા ભલામણ કરે તો તે ૫રત્વે નિર્ણય લેવા કુલ૫તિશ્રીને સત્તા આ૫વી.

આથી વધુમા ઠરાવવામા આવે છે કે કોલેજમા વ્યાખ્યાતાની ખાલી જગ્યા ૫ર સત્વરે નિમણૂક કરવામા આવે તેવી તાકિદ કરવી.

આથી ઠરાવવામા આવે છે કે શ્રી જે.એસ.૫રમાર આર્ટસ અને કોમર્સ કોલેજ કોડીનારના જોડાણ ૫રત્વે એકેડેમિક કાઉન્સિલની ઉ૫ર જણાવેલ ભલામણ સ્વીકારવી અને તેમા જણાવેલ શરતોનુ પાલન તા. ૩૧–૧૦–૯૯ સુધીમા સિન્ડિકેટને સતોષ થાય તે રીતે કરે તો સદરહુ કોલેજને ઉ૫ર દર્શાવેલ અભ્યાસક્રમોનુ તા. ૧૫–૬–'૯૯ થી કાયમી જોડાણ આ૫વા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.

અતમા પ્રમુખશ્રીનો આભાર માની સભાનુ કામકાજ પુરૂ કરવામા આવ્ય.

**કુલસચિવ**

ન.સિન્ડિ./ ૧૧૬ /'૯૯
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
**રાજકોટ.**તા. ૫ – ૧૦ – ૯૯

**પ્રતિ,**

૧. સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

**નકલ રવાના ::–**

૧. કુલ૫તિશ્રીના અગત સચિવશ્રી,
૨. કુલનાયકશ્રીના જુનિયર સુપ્રિન્ટેન્ડન્ટ,
૩. કુલસચિવશ્રીના અગત સચિવશ્રી,
૪. એકેડેમિક ઓફીસરશ્રી,
૫. ૫રિક્ષા નિયામકશ્રી,

ભાલિયા
**જનરલ ટાઈ૫**

તા.૯/૯/૧૯૯૯ની સિન્ડિકેટના ઠરાવ ક્રમાક ૨૨

૨૨. સચાલકશ્રી, સવ્યસાચી એજ્યુકેશન ટ્રસ્ટના તા. ૩૧–૭–'૯૯ ના પત્રથી તેમની સસ્થા સચાલિત બી.બી.એ.કોલેજ–રાજકોટના નામમા કુલપતિશ્રીના આદેશાનુસાર નીચે મુજબ ફેરફાર કર્યા અગેની નોધ લેવા બાબત.

| **કોલેજનુ જૂનુ નામ/સરનામુ** | **કોલેજનુ નવુ નામ/સરનામુ** |
|---|---|
| શ્રી સવ્યસાચી એજ્યુકેશન ટ્રસ્ટ સચાલિત બી.બી.એ.કોલેજ, સવ્યસાચી કોમ્પલેક્ષ ઈન્દીરા સર્કલ પાસે રાજકોટ | શ્રી સવ્યસાચી એજ્યુકેશન ટ્રસ્ટ સચાલિત શ્રી ટી.એન.રાવ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ એન્ડ કોલેજ ઓફ ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, સવ્યસાચી કોમ્પ્લેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, રાજકોટ. |

આથી ઠરાવવામા આવે છે કે સચાલકશ્રી, સવ્યસાચી એજ્યુકેશન ટ્રસ્ટના તા.૩૧–૭–'૯૯ ના પત્રથી તેમની સસ્થા સચાલિત બી.બી.એ.કોલેજ – રાજકોટના નામમા કુલપતિશ્રીના આદેશાનુસાર નીચે મુજબ ફેરફાર કર્યા અગેની નોધ લેવી.

| **કોલેજનુ જૂનુ નામ/સરનામુ** | **કોલેજનુ નવુ નામ/સરનામુ** |
|---|---|
| શ્રી સવ્યસાચી એજ્યુકેશન ટ્રસ્ટ સચાલિત બી.બી.એ.કોલેજ, સવ્યસાચી કોમ્પલેક્ષ ઈન્દીરા સર્કલ પાસે રાજકોટ | શ્રી સવ્યસાચી એજ્યુકેશન ટ્રસ્ટ સચાલિત શ્રી ટી.એન.રાવ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ એન્ડ કોલેજ ઓફ ઈન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, સવ્યસાચી કોમ્પ્લેક્ષ, ઈન્દીરા સર્કલ પાસે, રાજકોટ. |